# નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦,ગુજરાત

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની હોસ્ટેલમાં રહેતી
વિદ્યાર્થીનીઓ માટે બનાવેલ GEA મોબાઈલ એપના
ડેમો અને તાલીમ બાબત

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના સર્વે ડીનશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા **આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ માટે બનાવેલ મોબાઈલ એપ GEA (Girl's Emergency Alert જેવાકે High Alert, Accidental Alert, Teasing or Medical emergency) App** બનાવવામાં આવેલ છે.

જે થી કરીને આણંદ કૃષિ યુનિવર્સિટી સકારશ્રીના ડીજીટલ ઇન્ડીયા મિશન હેઠળ પેપરલેસ કાર્યવાહી કરી શકે અને **હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓના હિતમાં ડેમો અને તાલીમ રાખેલ છે.**

તારીખ: ૨૧/૦૯/૨૦૧૯(શનિવાર)

સમય: ૧૦:30 કલાકે

સ્થળ: કોમ્પ્યુટર લેબ, નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી,
યુનિવર્સિટી ભવન, આ.કૃ.યુ, આણંદ

ઉપરોક્ત ડેમો અને તાલીમ સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ, ડીગ્રી/પોલિટેકનિક કોલેજોના આચાર્યશ્રીઓ, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, સર્વે કોલેજના રેક્ટરશ્રીઓ, મહિલા આસી. રેક્ટરશ્રીઓ તેમજ જે તે હોસ્ટેલમાં કાર્યરત મહિલા આસી. વોર્ડન અને જે તે કોલેજના L.R. (LADIES REPRESENTATIVE ) અને SRCમાં સમાવેશ થયેલ વિદ્યાર્થેની બહેનો ને ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી. જેથી કરીને જો કોઈ સૂચનો કે ફેરફાર કરવાનો થતો હોય તો તે કર્યા બાદ સદર મોબાઈલ એપ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓના હિતમાં સત્વરે ચાલુ કરી શકાય. આતાલીમ બાદ સદર મોબાઈલ એપની તાલીમ જે તે કોલેજ/હોસ્ટેલ કક્ષાએ અન્ય વિદ્યાર્થીનીઓને અત્રેની કચેરી તરફથી આપવામાં આવશે. ૨૫૬૩૯૮

જા.નં.આકૃયુ/ડીઆઈટી/૨૫૫-૨૫૬ /૨૦૧૯

તા.૧૯/૦૯/૨૦૧૯

[signature]
નિયામક
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

**નકલ સવિનય રવાના:**

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ નમ્ર જાણ સારુ.

૨) સર્વે સર્વે વિદ્યાશાખાના ડીનશ્રીઓ, ડીગ્રી/પોલિટેકનિક કોલેજોના આચાર્યશ્રીઓ, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, સર્વે કોલેજના રેક્ટરશ્રીઓ, મહિલા આસી. રેક્ટરશ્રીઓ તેમજ જે તે હોસ્ટેલમાં કાર્યરત મહિલા આસી. વોર્ડન ની સાથે ઉપર જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીની બહેનો ને હાજર રહેવા નમ્ર વિનંતિ સહ.